# જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

## વાર્ષિક અહેવાલ
## (Yearly Report)

## 2023-24



**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,પાટણ**
**E-Mail :**dietpatan1@gmail.com
**Website :**www.dietpatan.org

આયોજન અને વ્યવસ્થાપન શાખા

# અનુક્રમણિકા

## સેવાકાલીન તાલીમ


| ક્રમ | વિષય | પેજ નંબર |
|---|---|---|
| 1 | જિલ્લાની સંકલન બેઠક | 13 |
| 2 | BRC-CO.CRC.CO. Ordinator વ્યવસાયિક સજ્જતા તાલીમ | 13 |
| 3 | મોડ્યૂલ લેખન કાર્યશાળા | 15 |
| 4 | પ્રથમ સત્રાંત કસોટી પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા | 16 |
| 5 | FLN શિક્ષણ શિક્ષક MT તાલીમ | 17 |
| 6 | પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી (PAC) | 17 |
| 7 | SOE આચાર્ય તાલીમ | 18 |
| 8 | સ્થાનિક સાહિત્ય નિર્માણ કાર્યશાળા | 19 |
| 9 | ધોરણ 3 થી 5 પર્યાવરણ કઠિન અધ્યયન નિષ્પતિ તાલીમ | 20 |
| 10 | રિસર્ચ પેપર પ્રેજંટેન્શન સેમિનાર | 21 |
| 11 | ફેકલ્ટી ડેવલોપમેન્ટ અને એક્ષ્પોઝર વિઝિટ | 22 |
| 12 | SRG પસંદગી કાર્યશાળા | 23 |
| 13 | સ્થાનિક લોકબોલી આધારિત સાહિત્ય નિર્માણ | 23 |
| 14 | રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન સેમિનાર | 25 |
| 15 | INSPIRE AWARD MANANK TRAINING | 26 |
| 16 | E CONTAINT WORKSHOP (SOFT MATERIAL) | 27 |
| 17 | PRE SCHOOL COURSE WORK | 27 |
| 18 | રિસર્ચ પેપર રાઇટિંગ પ્રેજંટેન્શન સેમિનાર | 28 |
| 19 | બાલવાટિકા M.T. તાલીમ | 29 |
| 20 | ગુણોત્સવ 2.O, FLN તાલીમ | 29 |
| 21 | Gas-5 પાયલોટિંગ | 30 |
| 22 | સ્થાનિક સાહિત્ય નિર્માણ કાર્યશાળા | 31 |

# ડિસ્ટ્રીકટ પ્રોફાઈલ

## જિલ્લાની ભૌગોલિક માહિતી:

- જિલ્લો : પાટણ
- સ્થાન:-23-02 થી24-09 અક્ષાંશ ઉપર અને 71-26 થી72-26 થી72-51 પૂર્વ રેખાંશ વચ્ચે
- આબોહવા : સમ
- કુલ વરસાદ : 600મિ.મી.થી700મિ.મી.
- વિસ્તાર : 13.62 સ્ક્વેર.કિલોમીટર
- તાલુકા : 09
- વસ્તી વૃદ્ધિનો દર : 14.08

  રાજ્યમાં વસ્તી વૃદ્ધિના પ્રમાણમાં પાટણ જિલ્લાનો ક્રમ : 20મો
- વસ્તીની ગીચતા દર ચો.કિ.મી. : 206

  રાજ્યમાં વસ્તીના પ્રમાણમાં પાટણ જિલ્લાનો ક્રમ : 18મો
- દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ : 933

  સ્ત્રીઓના પ્રમાણમાં પાટણ જિલ્લાનો ક્રમ : 12મો
- શહેરીકરણની ટકાવારી : 20.12
- રાજ્યમાં શહેરીકરણની ટકાવારીમાં પાટણ જિલ્લાનો ક્રમ : 17મો

LOCATION OF DIET-PATAN




3




## પાટણ જિલ્લાના જોવાલાયક સ્થળો :

1. સહસ્ત્રલિંગ તળાવ
2. રાણીનીવાવ
3. પાટણના પટોળા
4P સિધ્ધહેમ ઐતિહાસિક ગ્રંથ
5P સિધ્ધપુરનો રૂદ્રમહાલય
6P બિંદુ સરોવર સિધ્ધપુર
7P પંચાસર જૈન દહેરાસર, પાટણ
8P શંખેશ્વરના જૈન દહેરાસરો
9P આઇશ્રી ખોડીયારમાતાજીનું મંદિર, વરાણા
10. સોલારપાર્ક, ચારણકા


સહસ્ત્રલિંગ તળાવ


સહસ્ત્રલિંગ તળાવ


રાણીની વાવ


સિધ્ધપુરનો રૂદ્રમહાલય

## પાટણ જિલ્લાની વસ્તી:

| ક્રમ | તાલુકો | કુલ વસ્તી | | | વસ્તી | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | એસસી | | | એસટી | | |
| | | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | પાટણ | 138589 | 127527 | 266116 | 15039 | 13631 | 28670 | 2327 | 2273 | 4600 |
| 2 | સરસ્વતી | 94622 | 88742 | 183364 | 8736 | 7899 | 16635 | 271 | 202 | 473 |
| 3 | સિધ્ધપુર | 109587 | 103500 | 213087 | 12028 | 11010 | 23038 | 1083 | 951 | 2034 |
| 4 | ચાણસ્મા | 67752 | 62991 | 130743 | 6175 | 5704 | 11879 | 117 | 105 | 222 |
| 5 | હારીજ | 54179 | 50687 | 104866 | 4296 | 4057 | 8353 | 298 | 267 | 565 |
| 6 | સમી | 53424 | 50524 | 103948 | 5275 | 5012 | 10287 | 170 | 174 | 344 |
| 7 | શંખેશ્વર | 35056 | 33112 | 68168 | 3098 | 2956 | 6054 | 21 | 18 | 39 |
| 8 | રાધનપુર | 74083 | 70183 | 144266 | 5124 | 4823 | 9947 | 1781 | 1770 | 3551 |
| 9 | સાંતલપુર | 66720 | 62071 | 128791 | 4419 | 4126 | 8545 | 696 | 654 | 1350 |
| કુલ | | 694012 | 649337 | 1343349 | 64190 | 59218 | 123408 | 6764 | 6414 | 13178 |

*Source: Census of India 2011 Gujarat II – 25*

## પાટણ જિલ્લાનો સાક્ષરતા દર :

| ક્રમ | તાલુકાનું નામ | સાક્ષરતા દર | | |
|---|---|---|---|---|
| | | પુરુષ | સ્ત્રી | કુલ |
| 1 | પાટણ | 85.56 | 66.11 | 76.16 |
| 2 | સરસ્વતી | 67.37 | 46.55 | 57.29 |
| 3 | સિધ્ધપુર | 89.81 | 72.00 | 81.12 |
| 4 | ચાણસ્મા | 90.73 | 71.71 | 81.82 |
| 5 | હારીજ | 78.46 | 53.38 | 66.35 |
| 6 | સમી | 77.82 | 49.99 | 64.25 |
| 7 | શંખેશ્વર | 67.53 | 43.80 | 55.99 |
| 8 | રાધનપુર | 76.97 | 50.82 | 64.21 |
| 9 | સાંતલપુર | 70.28 | 45.56 | 58.34 |
| કુલ | | 82.90 | 61.05 | 72.30 |

*Source: Census of India 2011 Gujarat II – 25*

## પાટણ જિલ્લાની શૈક્ષણિક સંસ્થાઓ :

| તાલુકા | 09 |
|---|---|
| ગામડા | 519 |
| બ્લોક રિસોર્સ સેન્ટર | 09 |
| ક્લસ્ટર રિસોર્સ સેન્ટર | 109 |
| પ્રી.પી.ટી.સી., કોલેજ | 01 |
| પી.ટી.સી., કોલેજ | 02 |
| બી.એડ કોલેજ | 06 |
| એમ.એડ કોલેજ | 03 |
| એ.ટી.ડી. કોલેજ | 01 |
| સી.પી.એડ. કોલેજ | 00 |
| કેજીબીવી | 05 |
| સેન્ટર ફો ટીચર એજ્યુકેશન | 01 |
| યુનિવર્સીટી | 01 |
| મેડીકલ કોલેજ | 01 |
| નોન-ગવર્મેન્ટ સંસ્થાઓ | 08 |

## અન્ય કોલેજો/સંસ્થાઓ :

| ક્રમ | સંસ્થાઓ | કુલ |
|---|---|---|
| 1 | સરકારી કોલેજો (આર્ટસ, સાયન્સ, કોમર્સ) | 01 |
| 2 | પ્રાઈવેટ કોલેજો અનુદાનિત (આર્ટસ, સાયન્સ, કોમર્સ) | 6+1+4=11 |
| 3 | ગ્રામ વિદ્યાપીઠ | 02 |
| 4 | પોલીટેકનીક | 01 |
| 5 | ડીગ્રી એન્જીનીયરીંગ | 01 |

## તાલુકાવાર માધ્યમિક શૈક્ષણિક સંસ્થાઓની માહિતી :

| ક્રમ | તાલુકો | એસ.વી.એસ. | ક્યું.ડી.સી | માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ |
|---|---|---|---|---|
| 1 | પાટણ | 1 | 3 | 48 |
| 2 | સરસ્વતી | 0 | 2 | 21 |
| 3 | સિધ્ધપુર | 1 | 2 | 26 |
| 4 | ચાણસ્મા | 1 | 3 | 29 |
| 5 | હારીજ | 0 | 2 | 14 |
| 6 | સમી | 0 | 1 | 26 |
| 7 | શંખેશ્વર | 0 | 1 | 12 |

| | | | | |
|---|---|---|---|---|
| 8 | રાધનપુર | 1 | 2 | 17 |
| 9 | સાંતલપુર | 0 | 1 | 18 |
| કુલ | | 4 | 17 | 211 |

*પ્રાપ્તિ સ્થાન : જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, પાટણ, 2018*

## પાટણ જિલ્લાની શૈક્ષણિક આંકડાકીય વિગતો દર્શાવતું પત્રક :

| ક્રમ | તાલુકો | સી.આર.સી. ની સંખ્યા | શાળાઓની સંખ્યા | શિક્ષકો | | | વિદ્યાર્થીઓ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | પુરુષ | સ્ત્રી | કુલ | કુમાર | કન્યા | કુલ |
| 1 | પાટણ | 15 | 103 | 385 | 456 | 841 | 23367 | 19139 | 42506 |
| 2 | સરસ્વતી | 16 | 150 | 475 | 580 | 1055 | 16449 | 14613 | 31062 |
| 3 | સિધ્ધપુર | 10 | 75 | 385 | 296 | 681 | 16799 | 14798 | 31597 |
| | સિધ્ધપુર નગર શિક્ષણ સમિતિ | 02 | 12 | 38 | 73 | 111 | 2328 | 2003 | 4331 |
| 4 | ચાણસ્મા | 11 | 79 | 359 | 181 | 540 | 8851 | 7370 | 16221 |
| 5 | હારીજ | 09 | 72 | 243 | 215 | 458 | 8739 | 7927 | 16666 |
| 6 | સમી | 11 | 80 | 217 | 384 | 601 | 8701 | 8351 | 17052 |
| 7 | શંખેશ્વર | 7 | 44 | 135 | 243 | 378 | 5710 | 5137 | 10847 |
| 8 | રાધનપુર | 15 | 101 | 407 | 301 | 708 | 14438 | 12389 | 26827 |
| 9 | સાંતલપુર | 13 | 96 | 285 | 368 | 653 | 12304 | 11275 | 23579 |
| 10 | કુલ | 109 | 808 | 2929 | 3097 | 6026 | 117686 | 103002 | 220688 |

## પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓની વિગત:

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા પંચાયત | આશ્રમ શાળા | ખાનગી ગ્રાન્ટેડ | ખાનગી નોન ગ્રાન્ટેડ | રાષ્ટ્રીય સરકારી નવોદય | કેજીબીવી | નગરપાલિકા |
|---|---|---|---|---|---|---|---|---|
| 1 | પાટણ | 103 | 2 | 12 | 51 | 0 | 0 | 0 |
| 2 | સરસ્વતી | 150 | 0 | 0 | 8 | 0 | 1 | 0 |
| 3 | સિધ્ધપુર | 75 | 1 | 0 | 28 | 0 | 0 | 12 |
| 4 | ચાણસ્મા | 79 | 3 | 2 | 11 | 1 | 0 | 0 |
| 5 | હારીજ | 72 | 1 | 2 | 4 | 0 | 1 | 0 |
| 6 | સમી | 80 | 1 | 0 | 4 | 0 | 1 | 0 |
| 7 | શંખેશ્વર | 44 | 2 | 0 | 3 | 0 | 0 | 0 |
| 8 | રાધનપુર | 101 | 8 | 1 | 10 | 0 | 1 | 0 |
| 9 | સાંતલપુર | 92 | 1 | 1 | 4 | 0 | 1 | 0 |
| | કુલ | 796 | 19 | 18 | 123 | 1 | 5 | 12 |

*પ્રાપ્તિ સ્થાન : ડાયસ રીપોર્ટ,2018*

## પાટણ જિલ્લાની પ્રાથમિક શાળાઓના શિક્ષકોની વિગત :

| ક્રમ | તાલુકાનું નામ | જિલ્લા પંચાયત | આશ્રમ શાળા | ખાનગી ગ્રાન્ટેડ | ખાનગી નોન ગ્રાન્ટેડ | અન્ય અને KVS MSB | કુલ |
|---|---|---|---|---|---|---|---|
| 1 | પાટણ | 841 | 6 | 43 | 118 | 0 | 1008 |
| 2 | સરસ્વતી | 1055 | 0 | 0 | 100 | 0 | 1155 |
| 3 | સિધ્ધપુર | 681 | 13 | 0 | 202 | 132 | 1028 |
| 4 | ચાણસ્મા | 540 | 12 | 5 | 42 | 14 | 613 |
| 5 | હારીજ | 458 | 4 | 25 | 21 | 0 | 508 |
| 6 | સમી | 601 | 2 | 0 | 10 | 6 | 619 |
| 7 | શંખેશ્વર | 378 | 5 | 0 | 12 | 0 | 395 |
| 8 | રાધનપુર | 708 | 34 | 14 | 52 | 5 | 813 |
| 9 | સાંતલપુર | 653 | 2 | 5 | 10 | 6 | 676 |
| | કુલ | 5915 | 78 | 92 | 567 | 163 | 6815 |

*પ્રાપ્તિ સ્થાન : ડાયસ રીપોર્ટ,2018*

## પાટણ જિલ્લાની બી.એડ/પી.ટી.સી. સંસ્થાઓની વિગત :

| ક્રમ | સંસ્થાનું નામ અને નંબર | સંસ્થાનો પ્રકાર | વિદ્યાર્થી ઇન્ડેક્ષ | | ફેકલ્ટી |
|---|---|---|---|---|---|
| | | | પ્રથમ | દ્વિતીય | |
| 1 | શ્રીએસ.એચ.મોદીપી.એસ.ટી.ઈ. ઇન્સ્ટીટયુટ, રણુંજ, પાટણ | અનુદાનિતસેમીસરકારી | 100 | 100 | 08 |
| કુલ | | | 100 | 100 | 08 |

## ડાયટ પરિચય

એન.સી.ઈ.આર.ટી., નવી દિલ્હીના માર્ગદર્શન નીચે ગુજરાત રાજ્યમાં શૈક્ષણિક તાલીમ અને સંશોધનનું કાર્ય કરતી જી.સી.ઈ.આર.ટી ગાંધીનગરના નેતૃત્વ નીચે રાજ્યના દરેક જિલ્લામાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન કાર્યરત થયેલ છે. આ પૈકી પાટણ જિલ્લાના ઐતિહાસિક નગર પાટણમાં જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન  ગુજરાત સરકારના શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક જશભ-૧૨૯૪-૦૧-૦૧,૪ ફેબ્રુઆરી ૧૯૯૪થીસરકારી બુનિયાદી સ્ત્રી અધ્યાપન મંદિર, પાટણને અપગ્રેડ કરી શરૂ કરવામાં આવેલ.

જરૂરિયાતો તેમજ સમયને ધ્યાને લઇ ડાયટ, પાટણમા સ્ટાફની નિમણુંક થતી ગઈ. આ સાથે જી.સી.ઈ.આર.ટી ગાંધીનગરથી ડાયટના સ્ટાફના સશક્તિકરણ અર્થે તાલીમ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવતું ગયું. આ સાથે ડાયટના નવીન મકાનની જરૂરિયાત ઉભી થઇ. પાટણ શહેરની હેમચંદ્રાચાર્ય ઉત્તર

ગુજરાત યુનિવર્સીટીના કેમ્પસમાં ૬.૫ એકર જમીનમાં એક કરોડ રૂપિયાના ખર્ચે અદ્યતન મકાન તૈયાર થયેલ છે.

**ડાયટના ઉદ્દેશ:**

- પ્રારંભિક શિક્ષણનો વ્યય વધારવો અને આ ક્ષેત્રે કામ કરતી પ્રત્યેક વાક્તિના કાર્યની ગુણવત્તા, કાર્યક્ષમતા તથા સુસજ્જતા વધારવી.
- પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા સુધારવી.
- પ્રાથમિક શિક્ષણને ઘનિષ્ઠ બનાવવા માટે તાલીમ અને કાર્યશિબિર યોજવા.
- પ્રારંભિક ક્ષેત્રના ત્રણેય ક્ષેત્રો-વૈધિક શિક્ષણ, અવૈધિક શિક્ષણ અને પ્રૌઢશિક્ષણમાં કામ કરતી વ્યક્તિઓની વ્યવસાયિક સજ્જતા વધારવા તેમને પ્રેરણા, પ્રોત્સાહન અને માર્ગદર્શન આપવું.

**ડાયટના કાર્યો** :

- પ્રાથમિક શાળાઓના શિક્ષકોને પૂર્વસેવાકાલીન અને સેવાકાલીન તાલીમ આપવી.
- પ્રાયોગિક પ્રકલ્પો અને સંશોધનને લાગતું કાર્ય કરવું.
- શિક્ષકો માટે અભ્યાસ કેન્દ્ર તરીકે સુવિધા પુરી પડાવી તથા શિક્ષણ અંગેની વિવિધબાબતો વિષય નિષ્ણાતોની સેવા પુરી પડાવી.
- બી.આર.સી., સી.આર.સી. ખાતે જરૂરી માર્ગદર્શન તથા સાધન-સાહિત્ય પૂરું પાડવું.
- શાળા સંકુલો, જિલ્લાશિક્ષણ બોર્ડને શૈક્ષણિક સૂચનો તથા આયોજન અને અહેવાલ તૈયાર કરવા.
- પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક, અવૈધિક અને પ્રૌઢ શિક્ષણના મુલ્યાંકન માટેની કેન્દ્રીયજ વ્યવસ્થાનું કામ કરવું.
- વિજ્ઞાન ગણિતની પ્રવૃત્તિઓ, વિજ્ઞાન મેળા, મેટ્રિક મેળાનો પ્રચાર પ્રસાર કરવો.
- બાળમેળા, બાળ રમતોત્સવ, શાળા પ્રવેશોત્સવ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ કરાવવી તથા માર્ગદર્શન આપવું.
- શિક્ષણમાં નામાંકન, પ્રવેશીકરણ સ્થાયીકરણ વધે તે માટેના પ્રયત્નો કરવા.
- શિક્ષણમાં લોકભાગીદારી વધે તે માટેના કાર્યક્રમો કરવા.

**ડાયટની શાખાઓ** :

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનમાં કુલ-૬ શાખાઓ આપવામાં આવેલ છે. જેમાં નીચે મુજબની શાખાઓ ડાયેટ, પાટણ ખાતે કાર્યરત છે.

- આયોજન અને વ્યવસ્થાપન શાખા (પી એન્ડ એમ. શાખા)
- શૈક્ષણિક પ્રાદ્યોગિક શાખા (ઈ.ટી. શાખા)
- સેવા-અંતર્ગત કાર્યક્રમો, ક્ષેત્રીય આંતરક્રિયા અને નાવીન્ય સંકલન (આઈ.એફ.આઈ.સી શાખા)
- પાઠ્યક્રમ સામગ્રી વિકાસ અને મૂલ્યાંકન .ઈ.ડી.એમ.સી) શાખા(
- કાર્યાનુભવ(ડબલ્યુ.ઈ. શાખા)
- પૂર્વ સેવા શિક્ષક શિક્ષણ (પી.એસ.ટી.ઈ. શાખા)

## ડાયટનું મહેકમ :

મહેકમની સ્થિતિ દર્શાવતું પત્રક

| ક્રમ | જગ્યાનું નામ | મંજુર મહેકમ | મહેકમની સ્થિતિ |
|---|---|---|---|
| 1 | પ્રિન્સીપાલ | 01 | 00 |
| 2 | શ્રેયાન વ્યાખ્યાતા | 07 | 03 |
| 3 | કનીયાન વ્યાખ્યાતા | 14 | 05 |
| 4 | ટેકનીશીયન | 01 | 00 |
| 5 | લાયબ્રેરીયન | 01 | 01 |
| 6 | ઓ.એસ. ઓડીટગ્રુપ-૧ | 01 | 00 |
| 7 | હેડ ક્લાર્ક | 02 | 00 |
| 8 | સિનિયર ક્લાર્ક | 03 | 03 |
| 9 | જુનિયર ક્લાર્ક | 02 | 00 |
| 10 | કમ્પ્યુટર ઓપરેટર | 01 | 00 |
| 11 | ગૃહમાતા | 01 | 00 |
| 12 | સેવક | 03 | 01 |
| 13 | વોચમેન | 01 | 00 |
| કુલ | | 38 | 13 |

## ડાયટ ફેકલ્ટી/સ્ટાફની વિગત :

| ક્રમ | નામ | શાખા | લાયકાત | વિષય | ઘરનું સરનામું | ફોટો |
|---|---|---|---|---|---|---|
| 1 | ડો.પીન્કીબેન આર. રાવલ સિ.લેકચરર (ઈ.ચા.પ્રાચાર્ય) | ઈ.ટી. | પી.ટી.સી., એમ.એ., એમ.એડ., એમ.ફિલ., પીએચ.ડી. | સંસ્કૃત | 4/B, સોનાવાલા એસ્ટેટ, જનતા હોસ્પિટલ પાસે, પાટણ<br>મો. 9726215847 |  |
| 2 | ડો.પીનલબેન ડી.ગોરડિયા સિ. લેકચરર | ડબલ્યુ.ઈ | એમ.કોમ., એમ.એડ., પીએચ.ડી | એકાઉન્ટ | 5,નંદનવન સોસાયટી, પાટણ<br>મો. 9228209542 |  |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 3 | ડો.બી.બી.પટેલ<br>સિ.લેકચરર | પી.એસ.<br>ટી.ઈ. | પી.ટી.સી., એમ.એ.,<br>એમ.એડ્., પીએચ.ડી,<br>એલએલ.બી | ગુજરાતી | 18, દેવપુરી સોસાયટી,<br>રાજમહેલ રોડ, પાટણ<br>મો. 9978137578 |  |
| 4 | ડો.ઝંખનાબેન ડી.<br>ભટ્ટી<br>જુ.લેકચરર | ડબલ્યુ.<br>ઈ. | એમ.કોમ., એમ.એડ.,<br>પીએચ.ડી. | એકાઉન્ટ | 126, યસનગર, રાજવી<br>બંગલોની બાજુમાં, પાટણ<br>મો. 9879167787 |  |
| 5 | ડૉ. કે. એન. મોદી<br>જુ.લેકચરર | પીએસટી<br>ઈ | એમ.એસ.સી.,<br>એમ.એડ્., પી.એચ.ડી. | વિજ્ઞાન<br>બોટની | ૧૭, મીરામ્બિકા બંગ્લોઝ,<br>નાગલપુર કોલેજ સામે,<br>મેહસાણા<br>મો. 9429519472 |  |
| 6 | દશરથભાઈ આર.<br>ઓઝા જુ.લેકચરર | ઈ.ટી. | એમ.કોમ., એમ.એડ્.,<br>એમ.ફી., | એકાઉન્ટ | 1, તિરુપતિ સોસાયટી,<br>ગાયત્રીમંદિર રોડ, પાટણ<br>મો. 9624062172 |  |
| 7 | ડૉ. મહેશભાઈ બી.<br>સોલંકી જુ.લેકચરર | પીએસટી<br>ઈ | એમ.એસ.સી.,<br>એમ.એડ્., એમ.ફિલ.<br>પી.એચ.ડી. | વિજ્ઞાન<br>બોટની | મુ.પરખડી, પો. છનિયાણા,<br>તા.વડગામ, જી.<br>બનાસકાંઠા<br>મો. 9979273141 |  |
| 8 | શ્રીમતી<br>વૈશાલીબેન એમ.<br>ચાવડા જુ.લેકચરર | પીએસટી<br>ઈ | એમ.એ., એમ.એડ્., | અંગ્રેજી | 46, સિધ્ધરાજનગર<br>સોસાયટી, રાજમહેલ રોડ,<br>પાટણ<br>મો. 9904159171 |  |
| 9 | શ્રીમતી છાયાબેન<br>પ્રજાપતિ<br>લાયબ્રેરીયન | લાયબ્રેરી<br>યન | એમ.એ. બી.એડ્.,<br>માસ્ટર ઇન લાઈબ્રેરી<br>સાયન્સ. | | ઝીણીરેત, પાણીની ટાંકી<br>નજીક, પાટણ<br>મો. 98988 25309 |  |
| 11 | શ્રી દેવેન્દ્ર કુમાર<br>યુ. જોશી<br>સિનિયર ક્લાર્ક | મહેકમ | ધોરણ ૧૨ પાસ | - | ૬, લાલભાઈ પાર્ક, ગાયત્રી<br>મંદિર રોડ, પાટણ<br>મો. 9228815665 |  |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| 12 | શ્રી હરેશભાઈ બી.બ્રહ્મભટ્ટ સિનિયર ક્લાર્ક | હિસાબી | ધોરણ ૧૨ પાસ | - | 17, વિનાયક રેસિડન્સી, નવા નરોડા, અમદાવાદ શહેર |  |
| 13 | શ્રી મયંકકુમાર એ. પટેલ સિનિયર ક્લાર્ક | હિસાબી | બી.ઈ. મેકેનિકલ | | ૧૨-બી, ગીતા સોસાયટી, ગાયત્રી મંદિર રોડ, પાટણ મો. 9979401909 |  |
| 14 | શ્રી ધરમશીભાઈ એમ. દેસાઈ પટાવાળા | | ૯ પાસ | | ગામ- સોઢવ તા-હારીજ જિ- પાટણ |  |

## લેબ એરિયા

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા જિલ્લામાં પ્રાથમિક શિક્ષણની ગુણવત્તા વધે તથા શિક્ષકોની નવીનતમ પધ્ધતિઓથી શિક્ષણકાર્ય કરે તે માટે સતત પ્રયત્ન કરવામાં આવે છે. પરંતુ જિલ્લામાં એવા વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ આવેલી છે કે જરૂરિયાત મુજબની ટ્રેનીંગ માર્ગદર્શન અને સાધન સાહિત્ય આપવામાં આવે તો આ વિશિષ્ટ વિસ્તારોના પ્રાથમિક શિક્ષણમાં અપેક્ષિત પરિણામ મેળવવા કાંઇક અંશે સફળતા મળે તો આવા વિશિષ્ટ પ્રકારના વિસ્તાર એટલે ડાયટનો લેબ એરિયા.

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનનો પ્રયોગ શાળા વિસ્તાર (લેબ એરિયા) ડાયટ ગાઈડલાઈન મુજબ

આમ, ઉપરોક્ત ધોરણોને ધ્યાનમાં લઇ પાટણ જિલ્લા માટે નીચે મુજબ દર્શાવ્યા પ્રમાણે પ્રયોગશાળા વિસ્તાર (લેબ એરિયા) પસંદ કરવામાં આવે છે.

સરસ્વતી તાલુકાના નીચે દર્શાવ્યા મુજબના સી.આર.સી. ડાયટ, પાટણના પ્રયોગશાળા વિસ્તાર તરીકે પસંદ કરવામાં આવ્યા છે. પસંદ થતા સી.આર.સી.ની તમામ શાળાઓ લેબ એરિયામાં સમાવિષ્ટ થાય છે.

| | | | |
|---|---|---|---|
| **સરસ્વતી તાલુકો** | ૧. કાંસા | ૨. જંગરાલ | ૩. ભાટસણ |
| | ૪. વાગડોદ | ૫. વાયડ | ૬. સરીયદ |

**સાંતલપુર તાલુકો : સાંતલપુર તથા અગરિયા વિસ્તાર**

આમ, ઉપરોક્ત તાલુકાના સી.આર.સી.માં સમાવિષ્ટ પ્રાથમિક શાળાઓનો વિગતે અભ્યાસ કરી જરૂરી તાલીમ, માર્ગદર્શન તથા સાધન-સાહિત્ય ડાયટ, પાટણ દ્વારા આપવાનો પ્રયત્ન કરવામાં આવે છે

## 1- જિલ્લાની સંકલન બેઠક

- તાલીમનો હેતુ : જિલ્લાના આગામી કાર્યક્રમો અને ઈનોવેશન માટે આયોજન અને સંકલન કરવું.
- ડાયટના માધ્યમથી થતી પ્રવૃતિના ફીડબેક અને રિવ્યુ મેળવવા.
- તાલીમનું સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
- તારીખ : 15-6-23
- તાલીમના દિવસો : 01
- લક્ષ્ય જૂથ અને સંખ્યા : SVS, BRC સંખ્યા : ૨૨
- તજજ્ઞ જૂથ અને સંખ્યા : Deo, DPEO, ડાયટ પ્રાચાર્ય અને લેક્ચરર સંખ્યા : 03
- વર્ગની સંખ્યા : 01
- ગ્રાન્ટ નો પ્રકાર : સેવાકાલીન
- લર્નિંગ આઉટકમ્સ : ડાયટના માધ્યમથી થતી પ્રવૃતિના ફીડબેક અને રિવ્યુ મેળવી શક્યા.

ડાયટના આગામી કાર્યક્રમો માટે આયોજન અને સંકલન થઈ શક્યું

## 2- BRC-CO.CRC.CO. Ordinator વ્યવસાયિક સજ્જતા તાલીમ

**કાર્યક્રમના હેતુઓ -**

- NEP, NIPUN BHARAT, FLN, SOE, GUNOTSAV 2.0 જેવા શિક્ષણના નૂતન પ્રવાહોથી તમામને વાકેફ કરવા
- જિલ્લાના તમામ બ્લોક તથા ક્લસ્ટરની શૈક્ષણિક સ્થિતિ જાણવી.
- S.O.E શાળાઓ તથા ગુણોત્સવ ના પરિણામની સમીક્ષા 2.0
- દ્વિતિય સત્રાંત પરીક્ષા ના 2022/23પરીણામની સમીક્ષા
- વર્ષ નું શૈક્ષણિક આયોજન અને પરિણામ સુધારણા માટેની બ્લુ પ્રિન્ટ રચના 2023/24

**- કાર્યક્રમના આઉટકમ -**

- NEP, NIPUN BHARAT, FLN, SOE, GUNOTSAV 2.0 જેવા શિક્ષણના નૂતન પ્રવાહોથી તમામ જાણકારી મેળવી જેના આધારે જિલ્લામાં શિક્ષણની સ્થિતિ જાણી શકાય.
- જિલ્લાના તમામ બ્લોકના SOE, GUNOTSAV 2.0 અંતર્ગત રીવ્યુ મેળવી શૈક્ષણિક સ્થિતિ જાણી જેના આધારે આગામી આયોજન કરવામાં આવ્યું.
- દ્વિતિય સત્રાંત પરીક્ષા ના પરીણામની સમીક્ષા 2022/23ના આધારે અધ્યયન નિષ્પતિમાં ક્યાં ધોરણ અને ક્યાં વિષયમાં કચાશ છે
- તેને દૂર કરવા શું કરી શકાય આયોજન કરવામાં આવ્યું
- વર્ષ નું શૈક્ષણિક આયોજન અને પરિણામ સુધારણા માટેની બ્લુ પ્રિન્ટ રચના 2023/24
- સમગ્ર જિલ્લાના તમામ BRC CO. અને CRC CO. ની વ્યાવસાયિક સજ્જ થયા.

**❖ કાર્યક્રમનું સ્થળ અને સમય ગાળો-**

- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન પાટણ,
- તા - 30/06/2023 સમય- 10:30 થી 17:30

## તજજ્ઞોની વિગત -

| ક્રમ | તજજ્ઞશ્રીનું નામ અને હોદ્દો | વિષય |
|---|---|---|
| ૧ | ડૉ.પી.આર.રાવલ<br>(પ્રાચાર્યશ્રી ડાયટ પાટણ ) | 2023/24 AWB & B,તાલુકાવાર રીવ્યુ નિપુણ ભારતની કામગીરી |
| ૨ | ડૉ.પી.ડી.ગોરડીયા<br>(વ્યાખ્યાતાશ્રી ડાયટ, પાટણ) | FLN, બાળમેળા, ઇનોવેશન ફેર, તાલીમ,<br>વ્યાવસાયિક તાલીમ |
| 3 | ડૉ.ડી.આર.ઓઝા<br>(વ્યાખ્યાતાશ્રી ડાયટ, પાટણ) | NAS, GAS, સંશોધન, અધ્યન નિષ્પતિ,<br>વેબસાઈટ પ્રશ્નપત્ર રચના , DIKSHA |
| ૪ | ડૉ.જે.ડી.ભટ્ટી<br>(વ્યાખ્યાતાશ્રી ડાયટ, પાટણ) | SOE, ગુણોત્સવ 2.0, G-20, સહ .પવૃતિ,કલા ઉત્સવ, રોલ પ્લે, લોક નૃત્ય, વાર્તાસ્પર્ધા, ઈકોક્લબ,યોગ |
| ૫ | ડૉ.કે.એન.મોદી<br>(વ્યાખ્યાતાશ્રી ડાયટ, પાટણ) | ગણિત વિજ્ઞાન એકમ |
| ૬ | ડૉ.એમ.બી.સોલંકી<br>(વ્યાખ્યાતાશ્રી ડાયટ, પાટણ) | ઈન્સપાયર એવોર્ડ |

### ❖ તજજ્ઞો દ્વારા થયેલ કામગીરી -

તાલીમની શરુઆત પ્રાર્થના દ્વારા કરવામાં આવી .

- પ્રિ- ટેસ્ટ લેવામાં આવ્યો.
- FLN, બાળમેળા
- ઇનોવેશન ફેર
- NAS, GAS, સંશોધન, અધ્યનનિષ્પતિ વેબસાઈટ પ્રશ્નપત્ર રચના અને DIKSHA વિશે રજૂઆત કરવામાં આવી.
- SOE, ગુણોત્સવ 2.0, G-20 અને સહ અભ્યાસિક પવૃતિઓની વિગતવાર સમજ આપી.
- ગણિત વિજ્ઞાન એકમની અર્થપૂર્ણ સમજ આપી.
- ઈન્સપાયર એવોર્ડ વિશે ખ્યાલ આપ્યો

તાલીમના અંત ભાગમાં પોસ્ટ ટેસ્ટ અને તાલીમાર્થીઓના પ્રતિભાવ લેવામાં આવ્યા અને તાલિમની પૂર્ણાહૂતિ કરવામાં આવી,

### ❖ પ્રિ પોસ્ટ અને પોસ્ટ ટેસ્ટની નકલ અને એનાલિસિસ-

PRE-TEST

POST TEST

- 80 માંથી 71 એ પ્રિ ટેસ્ટ આપેલ છે, જેમાં 20 ગુણમાંથી એવરેજ 14.51 છે.
- પોસ્ટ ટેસ્ટ 61 એ આપેલ છે જેમાં એવરેજ 16.18 છે.

### ફીડબેક ફોર્મ

| વિગત | નબળું | મધ્યમ | સારું | ઉત્તમ | અતિઉત્તમ |
|---|---|---|---|---|---|
| તજજ્ઞોની કામગીરી | 0 | 3 | 24 | 23 | 11 |
| તાલીમનો સમયગાળો | 1 | 4 | 24 | 20 | 12 |
| તાલીમનુંઆયોજન વ્યવસ્થા | 1 | 3 | 26 | 19 | 12 |
| ચા-નાસ્તો | 0 | 5 | 23 | 24 | 9 |
| સ્ટેશનરી સાહિત્ય/ | 0 | 3 | 26 | 21 | 11 |
| ટેકનોલોજીનો ઉપયોગ | 0 | 2 | 27 | 21 | 11 |
| બેઠકવ્યવસ્થા | 0 | 1 | 20 | 26 | 14 |
| તાલીમનું વિષયવસ્તુ | 0 | 3 | 23 | 24 | 11 |
| તાલીમ અંગે અભિપ્રાય | 0 | 3 | 25 | 20 | 13 |

## 3- મોડ્યૂલ લેખન કાર્યશાળા

### તાલીમના હેતુઓ:

- વર્ષ ૨૦૨૩-૨૪ દરમિયાન આયોજિત થનાર તાલીમો માટે મોડ્યૂલ રચના કરવી.

### તાલીમના આઉટપુટ:

- ઇ.ટી શાખા અંતર્ગત સાયબર સુરક્ષા અવેરનેસ મોડ્યૂલ ,Google Tools, રાષ્ટ્રીય શિક્ષણ નીતિ ૨૦૨૦ ,
- આંગણવાડી કાર્યકરો માટે માર્ગદર્શન મોડ્યૂલ તેમજ અન્ય તાલીમો માટેના મોડ્યૂલ્સની રચના કરવામાં આવી.

### તાલીમનું સ્થળ અને સમયગાળો:

- સ્થળ જિલ્લા :શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
- સમયગાળો .તા : **17/07/2023 TO 19/07/2023 (3 DAYS)**

### તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : ૧૧

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તજજ્ઞોની વિગત :**

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

તાલીમમાં તજજ્ઞ દ્વારા થયેલ કામગીરી:

- **સંબંધિત મોડ્યૂલમાં સમાવિષ્ટ મુદ્દાઓની સમીક્ષા અને માર્ગદર્શન આપવામાં આવ્યું.**

**પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની નકલ અને એનાલીસીસ:**

- આની કોઈ જરૂરીયાત જણાઈ નથી.

**તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ :**

- વિષયવસ્તુ સંલગ્ન મુદ્દાસર ગુણવત્તાયુક્ત મોડ્યૂલ્સનું નિર્માણ કરવામાં આવ્યું.

**થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર :**

- થયેલ ખર્ચ :રૂ .૧૭૭૨૦
- **ગ્રાન્ટનો પ્રકાર** : સેવાકાલીન

## 4- પ્રથમ સત્રાંત કસોટી પ્રશ્નપત્ર નિર્માણ કાર્યશાળા

**તાલીમના હેતુઓ :**

- **ધોરણ 3 થી 8 ના પ્રથમ સત્રાંત કસોટીના પ્રશ્નપત્રોનું નિર્માણ કરવું.**

**તાલીમના આઉટપુટ :**

- **કાર્યશાળાના અંતે ધોરણ 3 થી 8 ના પ્રથમ સત્રના અભ્યાસક્રમને ધ્યાને લઇ પ્રથમ સત્રાંત કસોટીના દરેક વિષયના પ્રશ્નપત્રોનું નિર્માણ કરવામાં આવ્યું.**

**તાલીમનું સ્થળ અને સમયગાળો :**

- સ્થળ જિલ્લા :શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
- સમયગાળો .તા **:23/08/2023 TO 25/08/2023**

**તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : 45**

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તજજ્ઞોની વિગત :**

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.
- **ધોરણ ૩ થી ૮ ના દરેક વિષયવાર માર્ગદર્શકો**
- **સમીક્ષકો દ્વારા પ્રાશ્નિકોને બ્લ્યુ.પ્રિન્ટ આધારિત ચર્ચા કરી માર્ગદર્શન આપવામાં આવ્યું- પ્રશ્નપત્રની A અને B ફોર્મેટમાં રફ અને ફેર કોપી તૈયાર કરાવી સમીક્ષા કરવામાં આવી.**

**પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની નકલ અને એનાલીસીસ :**

- કોઈ જરૂરીયાત જણાતી નથી.

**તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ :**

- કાર્યશાળામાં ગોપનીયતાપૂર્વક અને બ્લ્યૂપ્રિન્ટ આધારિત પ્રશ્ન-પત્ર નિર્માણ થયા.

**થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર :**

- થયેલ ખર્ચ :રૂ .૧૧૦૪૧૭ **ગ્રાન્ટનો પ્રકાર :** સેવાકાલીન

## 5- FLN શિક્ષણ શિક્ષક MT તાલીમ

- **તાલીમનો હેતુ : જિલ્લાની શાળાઓનાં શિક્ષકો fln શિક્ષણ પ્રત્યે કાર્યરત થાય.**
- **તાલીમનું સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ**
- **તારીખ : 20/07/2023**
- **તાલીમના દિવસો : 01**
- **લક્ષ્ય જૂથ અને સંખ્યા : જિલ્લાની શાળાઓનાં શિક્ષકો FLN શિક્ષણમાં રસ ધરાવતાં અનુભવી પ્રાથમિક શિક્ષકો સંખ્યા : 70**
- **તજજ્ઞ જૂથ અને સંખ્યા : ડાયટ પ્રાચાર્ય અને અધ્યાપકો સંખ્યા : 03**
- **વર્ગની સંખ્યા : 01**
- **ગ્રાન્ટ નો પ્રકાર : સેવાકાલીન**
- **થયેલ ખર્ચ : 27202/-**
- **લર્નિંગ આઉટકમ્સ : જિલ્લાની શાળાઓનાં શિક્ષકો FLN શિક્ષણ પ્રત્યે કાર્યરત થઇ શક્યા**

## 6- પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી (PAC) બેઠક

ડૉ.પી.આર.રાવલ, પ્રાચાર્યશ્રી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ

- **કાર્યક્રમના હેતુઓ -**
  - **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરીથી માન .કલેક્ટરશ્રીને માહિતગાર કરવાં.**
  - **ડાયટ, પાટણની વિવિધ શાખાઓની કામગીરી.**
  - **જીલ્લાની S.O.Eશાળાઓ તથા ગુણોત્સવ 2.ના રીઝલ્ટની સમીક્ષા 0**
  - **વર્ષ 2023/નું શૈ 24ક્ષણિક આયોજન અને પરિણામ સુધારણા માટેની બ્લુ પ્રિન્ટ રચના**
- **કાર્યક્રમના આઉટકમ -**
  - **જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવનની કામગીરીથી કલેક્ટરશ્રી વાકેફ થયાં .**
  - **જિલ્લાના ગુણોત્સવ 2..ના પરિણામ સુધારામાટે એક્શન પ્લાન અને સઘન મોનિટરિંગ 0**
  - **જિલ્લાની શાળાઓમાં આગામી સમયનો પાંચ સૂત્રી કાર્યકમ .**
- **કાર્યક્રમનું સ્થળ અને સમય ગાળો-**
  - **ન્યુ કોન્ફરન્સ હોલ, કલેક્ટર કચેરી, પાટણ તા -25/09/2023, સમય -12:00 થી 01:00**

**પ્રોગ્રામ એડવાઈઝરી કમિટી (PAC) હાજર સભ્યો – 20**

- સદર મિટિંગમાં પીએસી ના અધ્યક્ષશ્રી એવમ પાટણ જિલ્લા કલેકટરશ્રી, જિલ્લા શિક્ષણાધિકારીશ્રી એવમ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણના પ્રચાર્યશ્રી અને અન્ય કમિટી સભ્યો ઉપસ્થિત રહ્યા.
- પ્રાચાર્યશ્રી દ્વારા બી.એડ ના અભ્યાસક્રમ વિશેની માહિતી આપી. કલેકટર સાહેબશ્રી દ્વારા ગુણોત્સવર.૦ અને SoE શાળા બાબતે વિશેષ માહિતી પૂછતા વિગતવાર માહિતી આપવામાં આવી. તથા જિલ્લાની શાળાઓના પ્રોગ્રેસ રિપોર્ટ રજૂ કરવામાં આવ્યા.
- ગણિત-વિજ્ઞાન પ્રદર્શનની માહિતી આપવામાં આવી. GAS અને NAS રીઝલ્ટ ની છણાવટ કરવામાં આવી. કલેકટરશ્રી દ્વારા રજૂ થયેલ સાંતલપુર તાલુકામાં હેલ્થ અને પોષણ વિષયક એક મોડ્યુલ બનાવવાની તેમજ તે દિશામાં કામ કરવાની વાત નો પણ સહર્ષ સ્વીકાર કરવામાં આવ્યો. અને એના અમલની આચાર્યશ્રી દ્વારા ખાતરી આપવામાં આવી.

વિશેષમાં ઇકો ક્લબ વિશે વધુ ભાર મુકતા માન્ય કલેક્ટરશ્રીએ જિલ્લાની તમામ સ્કૂલોમાં કિચન ગાર્ડન થાય તથા જે શાળા ઇકો ક્લબમાં સારું કામ કરે તેણે ગ્રીન શાળાનું ટેગ આપવાની વાત પણ તેમણે રજૂ કરી. કલેકટરશ્રીના રચનાત્મક સૂચનોને હાજર કમિટી મેમ્બર દ્વારા સહર્ષ વધાવી લેવામાં આવ્યાં. કુપોષિત બાળકો વિશે ડીપીઇઓશ્રી અને પ્રાચાર્યશ્રીનું વિશેષ ધ્યાન દોર્યું જેમાં તમામ શાળાના શિક્ષકોનો સહકાર લેવાય તેવું સૂચન કરવામાં આવ્યું અને તે માટે કાર્યક્રમ કરવાની વાત તેમના દ્વારા રજૂ થઈ. **(થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર- સેવાકાલીન તાલીમ, થયેલ ખર્ચ: 4460/-)**

## 7- SOE આચાર્ય તાલીમ

પાટણ ડાયટ ખાતે તા. 17/07/2023 એમ એક દિવસ પાટણ જિલ્લાના તમામ તજજ્ઞ શિક્ષકોની ઓફલાઈન તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું.

- P&M તથા વાર્ષિક આયોજન અંગેની ખૂબ જ સુંદર સમજ આપવામાં આવી હતી.
- FLN, LLF ઇનોવેશન અને બાળમેળા અંગેની ખુબ સરસ રીતે સમજ આપી.
- NAS ની ખુબ સરસ રીતે સમજણ આપવામાં આવી.
- ગુણોત્સવ 2. ના વર્ષ 02023-24 નું એનાલિસિસ ખૂબ જ સુંદર રીતે સમજાવવામાં આવ્યું.
- આગામી ગુણોત્સવ 2.0 બ્લેક અને રેડ પરિણામ ધરાવતી શાળાઓ સુધારણા માર્ગદર્શન
- તાલીમનું આયોજન અંગે ચર્ચા કરવામાં આવીવર્ગમાં સ્કૂલ ઇન્સ્પેક્ટરશ્રીઓ .દ્વારા SOE નું સંપૂર્ણ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ ખાતે આયોજન કરવામાં આવ્યું
- જે અંતર્ગત ગુણોત્સવ 2.0 બ્લેક અને રેડ પરિણામ ધરાવતી શાળાઓના તાલીમમાં પ્રી ટેસ્ટ, પોસ્ટ ટેસ્ટ, એક્શન પ્લાન, વગેરે તૈયાર કરવામાં આવ્યું.

- જિલ્લાની જે શાળાઓ ગુણોત્સવ ૨.૦ ના પરિણામમાં રેડ અને બ્લેક ઝોનમાં આવી હતી

- ➢ જેના લીધે જિલ્લાની શાળાઓની શૈક્ષણિક અને ભૌતિક ગુણવત્તા સુધારણા માટે મુખ્ય શિક્ષક તથા શિક્ષકની જિલ્લા કક્ષાએ તાલીમ યોજવામાં આવી.

## 8- સ્થાનિક સાહિત્ય નિર્માણ કાર્યશાળા

**તાલીમના હેતુઓ :**

- આઝાદીની ચળવળોમાં જોડાયેલ પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિષયક પુસ્તિકાનું નિર્માણ કરવું .

**તાલીમના આઉટપુટ** :આઝાદીની ચળવળોમાં જોડાયેલ હોય અને પાટણ જિલ્લાના વતની હોય તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓએ શૈક્ષણિક અને સામાજિક ક્ષેત્રે કરેલ પ્રદાન બાબતની માહિતી ભેગી કરેલ સંપુટનું કરેક્શન કરી ફાઈનલ કરવું.

**તાલીમનું સ્થળ અને સમયગાળો :**

- સ્થળ પાટણ ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન :
- સમયગાળો .તા :19/11/2023(૧-દિન)

**તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : ૧૩**

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તજજ્ઞોની વિગત :**

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તાલીમમાં તજજ્ઞ દ્વારા થયેલ કામગીરી :**

- આઝાદીની ચળવળોમાં જોડાયેલ હોય અને પાટણ જિલ્લાના વતની હોય તેવા સ્વાતંત્ર્ય સેનાનીઓ વિષયક કલેક્ટ કરેલ માહિતીનું કરેક્શન કરવામાં આવ્યું.

**પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની નકલ અને એનાલીસીસ :**

- કોઈ જરૂરીયાત જણાતી નથી.

**તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ :**

- ડાયટ દ્વારા રચાયેલ આ સંપુટ જિલ્લાના બાળકોને પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ વિષયક માહિતી મેળવવા મહત્વનું બની રહેશે .

**થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર :**

- થયેલ ખર્ચ .રૂ :૫૯૭૭
- ગ્રાન્ટનો પ્રકાર સેવાકાલીન :

## 9- ધોરણ 3 થી 5 પર્યાવરણ કઠિન અધ્યયન નિષ્પતિ તાલીમ

**તાલીમના હેતુઓ :**

- કઠિન અધ્યયન નિષ્પત્તિઓ આધારિત ધોરણ ૩ થી ૫ માં કાર્ય કરતાં શિક્ષકોને તાલીમ આપવી અને વર્ગખંડ શિક્ષણને વધુ અસરકારક બનાવવું.

**તાલીમના આઉટપુટ :**

- NAS, GAS અને SAT દરમિયાન ધોરણ ૩ થી ૫ ના બાળકોને કઠિન પડતી અધ્યયન નિષ્પત્તિઓ આધારિત મોડ્યુલને આધારે ધોરણ ૩ થી ૫ માં કાર્ય કરતાં શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા.

**તાલીમનું સ્થળ અને સમયગાળો :**

- સ્થળ પાટણ ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન :
- સમયગાળો અને ૧૮ .તા :૧૯૨૦૨૪/૦૧/

**તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : ૬૨**

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તજજ્ઞોની વિગત :**

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તાલીમમાં તજજ્ઞ દ્વારા થયેલ કામગીરી :**

- NAS, GAS અને SAT દરમિયાન ધોરણ ૩ થી ૫ ના બાળકોને કઠિન પડતી અધ્યયન નિષ્પત્તિઓ આધારિત મોડ્યુલને આધારે ધોરણ ૩ થી ૫ માં કાર્ય કરતાં શિક્ષકોને તાલીમબદ્ધ કરવામાં આવ્યા , .કઠિન અધ્યયન નિષ્પત્તિઓ આધારિત પ્રવૃત્તિઓ કરાવવામાં આવી

| પ્રિટેસ્ટ સરેરાશ- | પોસ્ટ ટેસ્ટ સરેરાશ | તફાવત |
|---|---|---|
| ૧૮૩૫. | ૨૩૫૬. | ૫૨૧. |

**તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ :**

- તાલીમના અંતે શિક્ષકો ઇનોવેટીવ પેડાગોજી આધારિત જે તે કઠિન અધ્યયન નિષ્પત્તિને કઈરીતે સરળ બનાવી શકાય તે શીખ્યા.

**થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર** :થયેલ ખર્ચ રૂ. ૩૦૪૫૮ :ગ્રાન્ટનો પ્રકાર સેવાકાલીન :

## 10- રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન સેમિનાર

**તાલીમના હેતુઓ :**

- સંશોધન પેપર રજૂ કરવા ઇચ્છુક શિક્ષકો જિલ્લા કક્ષાએ રીસર્ચ પેપર રજૂ કરે.એમને માર્ગદર્શન મળે ,

**તાલીમના આઉટપુટ :**

- સંશોધન પેપર રજૂ કરવા ઇચ્છુક શિક્ષકો દ્વારા જિલ્લા કક્ષાએ આયોજિત **રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન**
- સેમિનારમાં રીસર્ચ પેપર રજૂ કરવામાં આવ્યા .
- નિર્ણાયકો દ્વારા ચોક્કસ માપદંડ આધારિત મૂલ્યાંકન થયું

**તાલીમનું સ્થળ અને સમયગાળો :**

- સ્થળ  પાટણ ,જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન :
- સમયગાળો (૧-દિન) ૨૦૨૩/૦૭/૦૬ .તા :

**તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : ૦૭**

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

તજજ્ઞોની વિગત :

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તાલીમમાં તજજ્ઞ દ્વારા થયેલ કામગીરી :**

- **રીસર્ચ પેપર પ્રેઝન્ટેશન** સેમિનારમાં ઉપસ્થિત નિર્ણાયકો દ્વારા શિક્ષકો દ્વારા રજૂ થયેલ પેપરનું માપદંડો મુજબ મૂલ્યાંકન કાર્ય કરવામાં આવ્યું .
- પેપર રજૂ થયા બાદ તેને લગતી ચર્ચા અને પ્રશ્નોતરી હાથ ધરવામાં આવી .
- અંતમાં કઈ કઈ બાબતો ધ્યાને લેવી તેની ચર્ચા કરવામાં આવી

**પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની નકલ અને એનાલીસીસ :**

- આની કોઈ જરૂરીયાત જણાઈ નથી.

તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ :

- ખૂબ ઓછી માત્રામાં શિક્ષકો સહભાગી બન્યા .
- યોગ્ય રીતે સેમિનારનું આયોજન થયું.

**થયેલ ખર્ચ અને ગ્રાન્ટનો પ્રકાર** :થયેલ ખર્ચ  રૂ. ૪૭૭૩ :**ગ્રાન્ટનો પ્રકાર**  :ઈડીએન ૧૨

## 11- ફેકલ્ટી ડેવલોપમેન્ટ અને એક્ષપોઝર વિઝિટ

**તારીખ : 23/03/2024**

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ દ્વારા જી.સી.ઈ.આર.ટી., ગાંધીનગરના માર્ગદર્શન હેઠળ તારીખ 23 માર્ચ 2024 (દિન-1) ના રોજ વડનગરની શૈક્ષણિક મુલાકાત લેવામાં આવી હતી.

- આ એક્સપોઝર શૈક્ષણિક મુલાકાતમાં યાદી મુજબનો શૈક્ષણિક સ્ટાફ જોડાયો હતો.

❖ **એક્સપોઝર વિઝીટ**

**ડાયટ, પાટણ ની ટીમ દ્વારા તારીખ 28/3/2024ના રોજ એક દિવસીય શૈક્ષણિક મુલાકાતમાં વડાપ્રધાનશ્રીના વતન વડનગર ખાતે કરવામાં આવી. પ્રેરણા કેન્દ્ર વડનગરની મુલાકાત લેવામાં આવી. વડનગર શાળા નંબર-1 ના આચાર્ય શ્રી શરદભાઈ મોદી દ્વારા તમામનું સ્વાગત કરી શાળાનો પરિચય અને ઇતિહાસ વિશે માહિતગાર કર્યા**

❖ **પ્રથમ દિવસ:(તારીખ 21/03/2024) બી.આર.સી., ભવન પાલનપુર-જગાણા**

- ડાયટ, પાટણ ની ટીમ દ્વારા તારીખ 28/3/2024ના રોજ એક દિવસીય શૈક્ષણિક મુલાકાતમાં વડાપ્રધાનશ્રીના વતન વડનગર ખાતે કરવામાં આવી.
- પ્રેરણા કેન્દ્ર વડનગરની મુલાકાત લેવામાં આવી. વડનગર શાળા નંબર-1 ના આચાર્ય શ્રી શરદભાઈ મોદી દ્વારા તમામનું સ્વાગત કરી શાળાનો પરિચય અને ઇતિહાસ વિશે માહિતગાર કર્યા.
- ત્યારબાદ ડાયટ-પાલનપુરના પ્રચાર્યશ્રી દ્વારા ડાયટ દ્વારા હાથ ધરાતા વિવિધ વિશિષ્ટ શૈક્ષણિક કાર્યક્રમથી સૌને અવગત કરવામાં આવ્યા.
- તમામ અધ્યાપકોએ પોતાની કામગીરીની માહિતી આપલે કરી
- ડાયટ-પાટણના પ્રાચાર્યશ્રી દ્વારા વર્ષ 2023-24 દરમિયાન હાથ ધરાયેલ વિવિધ શૈક્ષણિક કાર્યક્રમો, તાલીમોથી વાકેફ કરવામાં આવ્યા.
- સાંજ સુધી ડાયટ પાલનપુરની વિવિધ શાખાઓની મુલાકાત લેવામાં આવી. બી.એડ.ના તાલીમાર્થીઓ સાથે સંવાદ પણ યોજવામાં આવ્યો.

❖ **એકલવ્ય રેસીડેન્સી મોડેલસ્કૂલ-અંબાજી તારીખ : 22/03/2024**

- દ્વિતીય દિવસે સવારે સૌ મિત્રો મોડેલ રેસિડેન્સિયલ સ્કૂલ, અંબાજીની મુલાકાતે નીકળ્યા.
- અંબાજીથી 2 કિ.મી. દૂર ચાલતી આ નિવાસી શાળા ખરેખર ભૌતિક સુવિધાઓથી સમૃદ્ધ શાળા જણાઈ.
- શાળાના શિક્ષક શ્રી રાજુભાઈ જોશી દ્વારા શાળામાં ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ, વિશેષતાઓ અને સિદ્ધિઓથી સૌને અવગત કરવામાં આવ્યા. સ્પોર્ટ્સ રૂમ, ઇન્ટરેક્ટિવ રૂમ, આચાર્ય ખંડ, વર્ગખંડો, પુસ્તકાલય, શાળાનું પટાંગણ અને હોસ્ટેલની સુવિધાઓ ચકાસવામાં આવી.
- સેનેટરી કીટ, જીવ વિજ્ઞાન લેબ, કેમેસ્ટ્રી લેબ, સ્માર્ટ ક્લાસ
- પાલનપુર રાત્રી રોકાણ કર્યું અને તા. 23/03/2024 ને શનિવારની સવારે 6.00 વાગ્યે સૌ પરત પાટણ આવવા નીકળ્યા.

## 12- SRG પસંદગી કાર્યશાળા

- તાલીમનો હેતુ : જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માં SRG તરીકેની કામગીરી કરી જીલ્લાને વિવિધ વિષયમાં માર્ગદર્શિત કરી શકાય.
- તાલીમનું સ્થળ : જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
- તારીખ : 4-5-2023
- તાલીમના દિવસો : 01
- લક્ષ્ય જૂથ અને સંખ્યા : જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળાના શિક્ષકો
- સંખ્યા : 133
- તજજ્ઞ જૂથ અને સંખ્યા : ડાયટ પ્રાચાર્ય અને અધ્યાપકો સંખ્યા : 21
- વર્ગની સંખ્યા : 01
- ગ્રાન્ટ નો પ્રકાર : EDN-12
- થયેલ ખર્ચ : 72923/-
- લર્નિંગ આઉટકમ્સ : જિલ્લાની માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા માં srg તરીકેની પસદગી કરી શક્યા.

## 13- સ્થાનિક લોકબોલી આધારિત સાહિત્ય નિર્માણ

### તાલીમના હેતુઓ :

- સંધિ લોક્બોલીનું સાહિત્ય નિર્માણ કરવું.
- સંધિ લોક્બોલી ધરાવતાં વિસ્તારના શિક્ષકો માટે આ સાહિત્ય આધારિત તાલીમ યોજવી.
- શિક્ષકો દ્વારા સાહિત્યના ઉપયોગ થકી વર્ગખંડ શિક્ષણને વધુ અસરકારક બનાવવું.

### તાલીમના આઉટપુટ :

- સંધિ લોક્બોલી ધરાવતાં વિસ્તારની શાળાઓમાં કાર્ય કરતાં શિક્ષકોની મદદથી સંધિ લોક્બોલીનું સાહિત્ય નિર્માણ થયું.
- આ સાહિત્યની બુકલેટમાં શિષ્ટ અને સંધિ લોક્બોલીના શિક્ષક-વિદ્યાર્થી વચ્ચેના સંવાદો ,સૂચનાઓ , વ્યાવહારિક શબ્દો ઘરવપરાશની ,વસ્તુઓ ,બાળવાર્તાઓ ,ધોરણ ૧ અને ૨ ના પાઠ્યક્રમમાં આવતા શબ્દો અને સૂચનાઓને મૂકવામાં આવી.
- સંબંધિત મુદ્દાઓનું વિડીયો રેકોર્ડીંગ કરી તેના કયુ.આર. કોડ તમામ વિભાગમાં મૂકવામાં આવ્યા , જેથી શિક્ષકો તેને સ્કેન કરી આરોહ .અવરોહ સાંભળી પણ શકે-

### તાલીમનું સ્થળ અને સમયગાળો :

- સ્થળ જિલ્લા :શિક્ષણ અને તાલીમ ભવન, પાટણ
- સમયગાળો /૧૬ .તા :૦૬-દિન) ૨૦૨૩/૧

### તાલીમમાં ઉપસ્થિત રહેનાર સભ્યોની સંખ્યા : ૦૯

- યાદી શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તજજ્ઞોની વિગત** :

- શાખાની ફાઈલમાં ઉપલબ્ધ છે.

**તાલીમમાં તજજ્ઞ દ્વારા થયેલ કામગીરી** :

- સંધિ લોક્બોલીના સાહિત્યના નિર્માણ માટે કયા કયા મુદ્દાઓ ધ્યાને લેવા, કઈ કાળજી રાખવી તેની ચર્ચા, સાહિત્યની સમીક્ષા ,સમગ્ર સંકલન

**પ્રિ-ટેસ્ટ અને પોસ્ટ-ટેસ્ટની નકલ અને એનાલીસીસ** :

- આ કાર્યશાળામાં કોઈ જરૂરીયાત જણાઈ નથી.

**તાલીમના પ્રતિભાવ અને એનાલીસીસ** :

